મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત

# શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય , વડોદરા.

ભગીની સમાજ પાછળ , પાણીની ટાંકી રોડ ,કારેલીબાગ,વડોદરા – ૩૯૦૦૧૮
EMAIL ID – kbvidyalaya@gmail.com

સ્થાપના વર્ષ-૧૯૭૪




# KBV “THE LITTLE HANDS “ ન્યુઝલેટર



માસિક અંક – ૩ માહે- સપ્ટેમ્બર-૨૦૨૨ પ્રસિધ્ધ તા: ૦૮/૧૦/૨૦૨૨ આસો સુદ-૧૪ (ચૌદસ)



દિપક બારોટ
આચાર્ય, શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય, વડોદરા.

## *સંદેશ*

અમારી વિદ્યાલયનું માસિક ન્યુઝ લેટર **KBV “The Little Hands “** નો આ ત્રીજો અંક બહાર પાડતા અમને ખૂબ જ આનંદ થાય છે. વાલી મિત્રો આ શૈક્ષણિક પત્રિકા દ્વારા વિદ્યાર્થી-શાળા-વાલીના ત્રિકોણીય જોડાણને શક્તિ મળી રહી છે. અને બધિર બાળકોના સર્વાંગીણ વિકાસના અમારા પ્રયત્નોને બળ આપશે તેવો મને વિશ્વાસ છે.

શિક્ષણ દરેક માનવી માટે જરૂરી છે. બાળક જન્મે ત્યારથી એને શિક્ષણ આપવું પડે. માતા સૌથી પ્રથમ શિક્ષક બને છે. બાળકોને ઘડે છે. તેનું ઘડતર-ચણતર કરે છે.ને સમાજ યોગ્ય બનાવેછે. ત્યાર પછી બાળક શાળાએ આવે છે. બાળકોને આપણે માત્ર ભણાવવાના નથી પણ કેળવવાના છે. બાળકમા રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની આપણે સૌએ અનુકુળતા કેરી આપવાની છે.આ માટે મૌખિક અભિવ્યક્તિનું જીવનમાં ખૂબ મહત્વ છે.મોટાભાગનો સમય પણ મૌખિક રૂપે જ વિચારોના આદાન-પ્રદાનમાં વ્યતિત થઈ જાય છે. મૌખિક વાતચીત દ્વારા બાળકના ભય અને ગભરાટ દૂર થાય છે.. બાળકનો આત્મવિશ્વાસ વધશે. અને તેના વ્યક્તિત્વનો ઉઘાડ પણ થશે.પોતાના વિચારો બીજા સમક્ષ પ્રગટ કરવા અને બીજા દ્વારા કહેવાયેલ વાતને સમજવી એ બાબત કેળવણી તથા જ્ઞાનપ્રાપ્તિમાં અત્યંત મહત્વની છે.

વાલીમિત્રો, મૂક- બધિર બાળકો અભિવ્યક્તિ હંમેશા તેઓની માતૃભાષા ઈશારા (સાઈન લેંગ્વેજ)માં જ કરશે. અને સાઈન લેંગ્વેજ જાણતા મા-બાપ,ભાઈ, બહેન કે અન્ય વ્યક્તિ તેની અભિવ્યક્તિને સમજી અને યોગ્ય રીતે તેની ભાષામાં વાતચીત કરી શકે તે બધિર બાળકની કેળવણી માટે ખૂબ જ જરૂરી છે.

તા:૨૬/૦૯/૨૦૨૨ થી તા:૨૯/૦૯૨૦૨૨ સુધીના ચાર દિવસીય “સાઈન લેન્ગ્વેજ વર્કશોપ અને વાલી માર્ગદર્શન કાર્યક્રમ”માં હાજર રહી તાલીમ મેળવેલ વાલીમિત્રોને ખૂબખૂબ અભિનંદન આપું છુ. જે બતાવે છે કે તેમને તેમના બધિર બાળકની કેળવણીની ચિંતા છે.



### T D રસીકરણ

શાળાના બાળકોને ફતેપુરા અર્બન હેલ્થ સેંટર, વડોદરા મહાનગર સેવા સદન ના આરોગ્ય વિભાગ દ્વારા તા:૧૩/૧૦/૨૦૨૨ના૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમરના બાળકોને ટીટેનસ અને ડિપ્થેરીયાની રસી આપવામાં આવી.









## બધિર વિદ્યાલયમાં ગરબા મહોત્સવ

મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત કમળાબેન બધિર વિદ્યાલય, કારેલીબાગ ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના મૂકબધિર બાળકો, વાલીઓ, કર્મચારીઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં તૈયાર થઈ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ કેટેગરીની સ્પર્ધામાં વિજેતા બનેલા બાળકોને ઈનામ તથા લ્હાણી આપવામાં આવી હતી.

## નવરાત્રી મહોત્સવ-૨૦૨૨

નવરાત્રી મહોત્સવ નિમિત્તે વિદ્યાલયના પ્રાંગણમાં ટ્રસ્ટી શ્રીમતિ ઉર્મિલાબેન દિનેશભાઈ પટેલના સૌજન્યથી બધિર બાળકો માટે તા:૩૦/૦૯/૨૦૨૨ ના રોજ રાત્રે “ ગરબા સ્પર્ધા” નું આયોજન કરવામાં આવેલ હતું. જેમા બાળકો, વાલી અને બધા સ્ટાફમિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહી વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને અંતે અલ્પાહાર લઈ બધા છુટા પડ્યા હતા.





## બર્થડે કાર્ડ સ્પર્ધા-૨૦૨૨

વિદ્યાલયના બાળકો ઘરેથી જાતે બર્થડે કાર્ડ બનાવીને લાવ્યા હતા. બાળવર્ગ, ધો-૧ થી ૪, ધો-૫ થી ૮ ના વિભાગમાં “ બર્થડે કાર્ડ સ્પર્ધા-૨૦૨૨”ના વિજેતા બાળકો બાજુના ફોટોમા ખુશખુશાલ મુદ્રામાં જોઈ શકાય છે. શાળામાં બાળકના જન્મ દિવસે પ્રાર્થનાસભામાં બર્થડે કાર્ડ આપી શુભેચ્છા આપવામા આવે છે.



## “Saturday gams”

વિદ્યાલયમાં દર શનિવારે સવારે વિવિધ રમતો રાખવામાં આવે છે. બાજુની તસ્વીરમાં રસ્સા ખેંચની રમત રમતા અને રમતનો આનંદ માણતા બાળકો જોઈ શકાય છે. રસ્સા ખેંચની રમતમાં વિદ્યાર્થી જુથ “ ગુરુ “ વિજેતા બનેલ હતું.



## "શિક્ષક દિન"ની ઊજવણી

૫ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનની ઊજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકો જુદા જુદા વિષયના શિક્ષકો બની શિક્ષકોનો કાર્યાનુભવ મેળવેલ હતો. બાળકોના મોં પર તેનો આનંદ દ્રષ્ટિગોચર થાય છે. શિક્ષક બનેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## "Inter National Day of Sign Language"( વિશ્વ સાંકેતિક ભાષા દિવસ-૨૦૨૨) ની ઊજવણી










સાઈન લેંગ્વેજ : શ્રીમતી કમળાબહેન બધિર વિદ્યાલય, કારેલીબાગ દ્વારા ૨૩ સપ્ટેમ્બરે ઈન્ટરનેશનલ ડે ઓફ સાઈન લેંગ્વેજ ઉજવાયો. ઉજવણીના ભાગરૂપે બધિર બાળકોના વાલીઓ માટે સાઈન લેંગ્વેજ વર્કશોપ અને વાલી માર્ગદર્શન કાર્યક્રમ તા.૨૫-૨૯ સપ્ટેમ્બર, બપોરે ૪ કારેલીબાગ સ્વિમિંગ પુલ પાસે, ભગિની સમાજની પાછળ આવેલી ઉપરોક્ત બધિર વિદ્યાલય ખાતે. સાઈન લેંગ્વેજ શીખવા માગતા નોર્મલ નાગરિકો પણ વર્કશોપમાં ભાગ લઈ શકશે.





૨૩ સપ્ટે.૨૦૨૨ ના રોજ "વિશ્વ સાંકેતિક ભાષા દિવસ-૨૦૨૨" ની ઊજવણી નિમિત્તે શાળામાં બાળકો માટે "૧ મિનિટ ગેમ" અને "પોસ્ટર સ્પર્ધા" રાખવામાં આવેલ હતી. "Inter National Day of Sign Language"નિમિત્તે સમાજમાં બધિર બાળકોની માતૃભાષા ઈશારા વિશે જાગૃત્તી લાવવા શાળાના આચાર્યશ્રી દિપકભાઈ દ્વારા "અંબે સ્કુલ " માંજલપુરમાં કાર્યક્રમ કરવામાં આવેલ હતો. તેમજ બધિર બાળકોના માતા-પિતા દ્વારા ચાર દિવસીય "સાઈન લેંગ્વેજ" વર્કશોપમાં ઉત્સાહથી જોડાઈ સાઈન લેંગ્વેજ શીખવા પ્રયત્ન કરેલ હતો. આ વર્કશોપમાં ઈશારા માં બેસ્ટ પર્ફોરમરનું સર્ટી. ધો-૧ ના વિદ્યાર્થી માન શાહની માતા કાજલબેને મેળવેલ હતું.